E mail - prdpraval@yahoo.co.uk
www.janfariyadnews.com
RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
* Volume : 10 * Issue No. 313 * Date: 03.09.2024,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# મણિપુરમાં ફરી હિંસા, ફાયરિંગમાં ૨નાં મોત : ૯ લોકો ઘાયલ






મણિપુરના ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લામાં રવિવારે આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા હુમલામાં એક મહિલા સહિત બે લોકોનાં મોત થયા હતા. મહિલાની ૮ વર્ષની પુત્રી અને એક પોલીસ અધિકારી સહિત નવ લોકો ઘાયલ થયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, આતંકવાદીઓએ પહાડીના ઉપરના વિસ્તારોમાંથી કોટરુક અને કડાંગબંદ ઘાટીના નીચલા વિસ્તારો તરફ ગોળીબાર કર્યો અને ડ્રોનથી પણ હુમલો કર્યો. આ અચાનક થયેલા હુમલાને કારણે મહિલાઓ, બાળકો અને વૃદ્ધો સહિત અનેક લોકો સલામત સ્થળે ભાગી જવાની ફરજ પડી હતી. બીજેપીના પ્રવક્તા ટી માઈકલ એલ હોકીપના ઘરને પેનિયલમાં આગ લગાડવામાં આવી હતી. એક્સ પર વિડિયો શેર કરતી વખતે હાઓકિપે આરોપ લગાવ્યો છે કે આ કુકી લોકોનું કામ છે. ???????હાઓકિપે કહ્યું કે એક વર્ષમાં ત્રીજી વખત તેમના ઘર પર હુમલો કરવામાં આવ્યો. ગયા અઠવાડિયે પણ ૩૦થી વધુ સશસ્ત્ર લોકોએ અનેક રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. કુકી-જો સમુદાયના લોકોએ ૩૧ ઓગસ્ટના રોજ મણિપુરના ચુરાચંદપુર, કાંગપોકપી અને તેંગનોપલમાં રેલીઓ કાઢી હતી. આ સંગઠનોની માગ છે કે મણિપુરમાં એક અલગ કુકિલેન્ડ બનાવવામાં આવે, જે એક કેન્દ્રશાસિત પ્રદેશ હોવો જોઈએ. આ સંગઠનોનું કહેવું છે કે પુડુચેરીની તર્જ પર વિધાનસભા સાથે કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવો એ જ રાજ્યને જાતિ સંઘર્ષમાંથી બહાર કાઢવાનો એકમાત્ર રસ્તો છે. મણિપુરમાં નીકળેલી રેલીઓમાં સીએમ બિરેન સિંહે ન્યૂઝ એજન્સી પીટીઆઈને આપેલા ઈન્ટરવ્યુનો વિરોધ કરવામાં આવ્યો હતો. પીટીઆઈને આપેલા ઈન્ટરવ્યુમાં, મુખ્યમંત્રીએ અલગ વહીવટ (કુકીલેન્ડ) માટે કુકી જૂથોની માંગને નકારી કાઢી હતી.

સીએમ બિરેને કહ્યું કે તેઓ રાજ્યની ઓળખને નબળી નહીં થવા દે. બિરેન મૈતેઈ સમુદાયમાંથી આવે છે. કુકીઓ જ્યાં રહે છે તે વિસ્તાર માટે વિશેષ વિકાસ પેકેજ આપવાની ખાતરી આપી છે. આ સિવાય સીએમ બિરેનના વધુ એક વાયરલ ઓડિયોને લઈને હોબાળો મચી ગયો છે. આ ઓડિયો સીએમ બિરેન સિંહને આભારી છે. ઓડિયોમાં મણિપુરમાં મે ૨૦૨૩થી ચાલી રહેલી હિંસા પર વાંધાજનક ટિપ્પણીઓ સંભળાય છે. જોકે, મણિપુર સરકારનું કહેવું છે કે ઓડિયો ક્લિપમાં મુખ્યમંત્રીના અવાજ સાથે છેડછાડ કરવામાં આવી છે. હિંસાગ્રસ્ત રાજ્યમાં શાંતિની પહેલને પાટા પરથી ઉતારવા માટે આવું કરવામાં આવી રહ્યું છે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે

મણિપુરમાં ૩ મે, ૨૦૨૩ થી કુકી અને મીતેઈ સમુદાયો વચ્ચે અનામતને લઈને હિંસા ચાલી રહી છે. સરકારી આંકડાઓ અનુસાર હિંસાને કારણે અત્યાર સુધીમાં ૨૨૬ લોકોના મોત થયા છે. જ્યારે ૧૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. ૬૫ હજારથી વધુ લોકોએ પોતાના ઘર છોડી દીધા છે.

## જમ્મુમાં આતંકીઓના ગોળીબારમાં ૧ જવાન શહીદ



જમ્મુ-કાશ્મીરના સુંજવાન મિલિટરી સ્ટેશન પર સોમવારે સવારે આતંકીઓએ સેના પર ગોળીબાર કર્યો હતો. જેમાં એક જવાન શહીદ થયો છે. સૈન્ય અધિકારીઓએ જણાવ્યું હતું કે લશ્કરી સ્ટેશનની બહાર છુપાયેલા આતંકવાદીઓએ સ્નાઈપર ગનથી ગોળીબાર કર્યો હતો. સૈનિક ઘાયલ થયા બાદ તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. તેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. સેના અને પોલીસે સર્ચ ઓપરેશન શરૂ કરી દીધું છે. ડ્રોન દ્વારા પણ વિસ્તાર પર નજર રાખવામાં આવી રહી છે. ૧૪ ઓગસ્ટના રોજ ડોડામાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં રાષ્ટ્રીય રાઈફલ્સના આર્મી કેપ્ટન દીપક સિંહ શહીદ થયા હતા. ડોડામાં અસાર ફોરેસ્ટ વિસ્તારમાં ચાલી રહેલા એન્કાઉન્ટરમાં તે ટીમનું નેતૃત્વ કરી રહ્યો હતો. અથડામણમાં એક આતંકવાદી માર્યો ગયો. ૧૬ જુલાઈના રોજ પણ ડોડાના દેસા વિસ્તારમાં એન્કાઉન્ટર દરમિયાન કેપ્ટન સહિત ૫ જવાનો શહીદ થયા હતા.

## અમિતાભ બચ્ચનની દોહિત્રી નવ્યા ગુજરાતમાં ભણશે:અમદાવાદની IIMમાં એડમિશન મળ્યું

સુપરસ્ટાર અમિતાભ બચ્ચન અને જયા બચ્ચનની દોહિત્રી નવ્યા નવેલી નંદાએ તેનું સપનું સાકાર થવાના સમાચાર ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યા છે, જે ફિલ્મો કે અભિનયની દુનિયામાં આવવાનું નથી પરંતુ આઈઆઈએમ અમદાવાદમાં એડમિશન મેળવવાનું છે, જેની એક ઝલક તેણે તેના ઈન્સ્ટાગ્રામ પર બતાવી હતી. ખરેખર, શ્વેતા બચ્ચન અને નિખિલ નંદાની દીકરી નવ્યાને ભારતની પ્રીમિયર બિઝનેસ સ્કૂલ્સ અમદાવાદમાં એડમિશન મળી ગયું છે, જેના સમાચાર તેણે ઈન્સ્ટાગ્રામ પર કેટલીક તસવીરો સાથે શેર કર્યા છે. આ પોસ્ટ પર ફેન્સ ઉપરાંત સેલેબ્સે પણ પ્રતિક્રિયા આપી છે.





અભિનેત્રી કરિશ્મા કપૂરે હાર્ટ ઈમોજી સાથે લખ્યું, નવ્યા અભિનંદન. જ્યારે નવ્યાની માતા એટલે કે શ્વેતા બચ્ચને લખ્યું કે, તેં અમને ગર્વ અનુભવ કરાવ્યો છે બેબી. શનાયા કપૂરે કોમેન્ટમાં ઘણા હાર્ટ ઈમોજી શેર કર્યા છે. જ્યારે અનન્યા પાંડે, સોનાલી બેન્દ્રે, ઝોયા અખ્તર, ભાવના પાંડે અને સુહાના ખાને તેને અભિનંદન અને ભવિષ્ય માટે આશીર્વાદ આપ્યા છે. તમને જણાવી દઈએ કે, નવ્યા નવેલી નંદા સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે. જ્યારે યુટ્યૂબ પર તેનો એક શો પણ છે, જેમાં તે ઘણીવાર તેની નાની અને માતા સાથે વાત કરતી જોવા મળે છે. જોકે, તેનો અત્યારે ફિલ્મી દુનિયામાં આવવાનો કોઈ ઈરાદો નથી.

## ગાંધીનગરનાં સ્મશાન સામેના રોડ પરથી એક્ટિવા સવાર બે ઈસમો ગાંજાનાં જથ્થા સાથે ઝડપાયા




ગાંધીનગરના સેક્ટર - ૩૦ સ્મશાન સામેના રોડ પરથી એક્ટિવા લઈને પસાર થતા બે ઈસમોને સેક્ટર - ૨૧ પોલીસે એક કિલોથી વધુ ગાંજાનાં જથ્થા સાથે ઝડપી પાડી નશાના કારોબારનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે બંને ઈસમો ઈડરથી ગાંજો ખરીદી લાવી પડીકીઓ બનાવીને શહેરમાં છૂટક વેચાણ કરતા હોવાનું બહાર આવતા પોલીસે ૪૮ હજાર જેટલો મુદ્દામાલ કબ્જે લઈ વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગર સેક્ટર - ૨૧ પોલીસ મથકના પીઆઈ વી.આર.ખેર સ્ટાફના માણસો સાથે જી.ઈ.બી છાપરા વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા. દરમ્યાન મુક્તિધામથી જી.ઈ.બીના ગેટ તરફ જતા રસ્તે ડમ્પીંગ સાઈટ સામે વાહનોનું સઘન ચેકીગ હાથ ધરવામાં આવ્યું હતું. એ વખતે એક્ટિવા ઉપર બે ઈસમો ત્યાંથી પસાર થઈ રહ્યા હતા.

જેઓને પોલીસે રોકીને તપાસ કરતાં મહક સિલ્વર પાન-મસાલા લખેલ કાપડના થેલામાં અલગ-અલગ કલરની મુખ્યમંત્રીની:શુલ્ક અન્નપુર્ણા ફુડ પેકેટ યોજનાની થેલીઓથી એક કિલોથી વધુનો ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. જેનાં પગલે બંનેની પૂછતાંછ કરતાં તેમણે પોતાના નામ દિવ્યરાજસિંહ વિરેન્દ્રસિંહ રાઠોડ હોવાનું જણાવ્યું હતું. આ બાબતે બંનેની કડકાઈથી પુછપરછ કરતા તેમણે ગાંજો આઠેક દિવસ પહેલા ઇડર ખાતે રહેતા રમી નામના માણસ પાસેથી ૧૫ હજારમાં ખરીદી લાવી પડીકીઓ બનાવીને ગાંધીનગરમાં છૂટક વેચાણ કરતા હોવાની કબૂલાત કરી હતી. જેનાં પગલે પોલીસે કુલ રૂ. ૪૮ હજાર જેટલો મુદ્દામાલ કબ્જે લઈ બન્નેની દ્રહૃજી એક્ટ હેઠળ ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### શિવાલયોમાં ભક્તોની ભારે ભીડ

## વિસનગરમાં શ્રાવણના છેલ્લા સોમવારે શિવાલયો હર હર ભોલેના નાથ સાથે ગુંજી ઉઠ્યા

શ્રાવણ માસ ભગવાન શિવને રીઝવવા માટે ઉત્તમ માનવામાં આવે છે. શ્રાવણ માસમાં શિવાલયોમાં ભક્તોની ભારે ભીડ જોવા મળે છે. શિવાલયો હર હર ભોલેના નાદથી ગુંજી ઉઠે છે. ત્યારે શ્રાવણ માસના છેલ્લા સોમવારે વિસનગરમાં આવેલ શિવાલયો પણ ભાવિક ભકતોથી ઉભરાઈ ગયા હતા. વહેલી સવારથી જ શિવાલયોમાં ૐ નમ શિવાય અને હર હર ભોલેના નાદથી શિવાલયો ગૂંજી ઊઠ્યા હતા. વિસનગરમાં આવેલ ૮૧૬ વર્ષ ઐતિહાસિક અને પૌરાણિક એવા જાળેશ્વર મહાદેવના મંદિર ખાતેથી અમાસના દિવસે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જે આ શોભાયાત્રા આજે બપોરે નીકળશે.

શ્રાવણ માસના છેલ્લા સોમવારે વિસનગર શહેરમાં આવેલા જાળેશ્વર મહાદેવ, જમનેશ્વર મહાદેવ, મહાંકાળેશ્વર મહાદેવ સહિત શિવ મંદિરમાં વહેલી સવારથી ભાવિક ભક્તોની ભીડ જામી હતી. છેલ્લા દિવસે ભગવાન રીઝવવા માટે ભકતો તલપાપડ બન્યા હતા. શિવ ભક્તોએ બીલીપત્ર, જળ અભિષેક કરી ભગવાનની પૂજા અર્ચના કરી હતી. જ્યાં વિસનગર શહેરમાં આવેલ ૮૧૬ વર્ષ અતિ પ્રાચીન અને પૌરાણિક જાળેશ્વર મહાદેવ મંદિર ખાતેથી આજે બપોરે શોભાયાત્રા નીકળશે. જે મંદિર ખાતેથી નીકળી શહેરના અનેક વિસ્તારોમાં ફરી નિજ મંદિરે પરત ફરશે. જાળેશ્વર મહાદેવ મંદિર ખાતે આવતીકાલે મંગળવારે હવનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. શ્રાવણ માસના છેલ્લા સોમવારે મોટી સંખ્યામાં ભાવિક ભકતોએ ભગવાન શિવના દર્શન કરી આશીર્વાદ લીધા હતા.રવિયા

## તંત્રી લેખ....

### હેલ્થ ઈન્સ્યોરન્સ પર જીએસટી દૂર કરવામાં વીમાધારકોને ફાયદો પણ સરકારને નુકસાન

ઈન્સ્યોરન્સ ઈન્ડસ્ટ્રીને વેગ આપવા તેમજ વીમાધારકો પર પ્રીમિયમનું ભારણ ઘટાડવા માટે ઉદ્યોગ જગત અને કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી સહિત અનેક દિગ્ગજ નેતાઓ દ્વારા ઈન્સ્યોરન્સ પોલિસી પર જીએસટી દૂર કરવાની માગ કરવામાં આવી છે. જો જીએસટી દૂર કરવામાં આવે તો ઈન્સ્યોરન્સ ખર્ચમાં ઘટાડો થશે, તેમજ વધુને વધુ લોકો ઈન્સ્યોરન્સ ખરીદવા પ્રેરાશે. પરંતુ બીજી બાજુ સરકારની તિજોરીમાં નુકસાન થવાની આશંકાઓ વ્યક્ત કરવામાં આવી છે.હેલ્થ ઈન્સ્યોરન્સ પોલિસી પર જીએસટી દૂર કરવાથી સરકારની આવકમાં વાર્ષિક ધોરણે રૂ. ૩૫૦૦ કરોડનું નુકસાન થશે. સરકારના એક વરિષ્ઠ અધિકારીએ આ અંગે જણાવ્યું હતું. આ અધિકારી હેલ્થ ઈન્સ્યોરન્સ પોલિસી પર જીએસટી છૂટ આપવાના ભલામણ પર વિચાર કરનારી ફિટમેન્ટ કમિટિનો હિસ્સો છે. જીએસટી કાઉન્સિલની આગામી બેઠક ૯ સપ્ટેમ્બરે યોજાશે.અધિકારીએ જણાવ્યું કે, જો અમે હેલ્થ ઈન્સ્યોરન્સ પોલિસીને સંપૂર્ણપણે જીએસટીમાંથી બાકાત કરીએ તો, સરકારની તિજોરીમાં વાર્ષિક રૂ. ૩૫૦૦ કરોડનું નુકસાન થશે. જો આ પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવે તો તેનાથી સરકારી આવક પર વધુ અસર પડશે. હાલ ઈન્સ્યોરન્સ પોલિસીના પ્રીમિયમ પર ૧૮ ટકા જીએસટી લાગુ છે.ફિટમેન્ટ કમિટીમાં રાજ્ય અને કેન્દ્ર સરકારના આવક વિભાગના અધિકારી સામેલ હોય છે. આ કમિટીને ગ્રાહકો પર આર્થિક બોજો ઘટાડવા માટે લેવાતાં પગલાંથી સરકારની આવકમાં કેટલુ નુકસાન થશે, તે વિશે આંકલન કરે છે. બાદમાં કાઉન્સિલને રિપોર્ટ આપી ભલામણ કરે છે.

# જગતજનની માં અંબાના ભક્તોની આસ્થા સાથે સત્તાધિકારીઓનો વિશ્વાસઘાત



કોંગ્રેસના દાંતાના ધારાસભ્યશ્રી કાંતિભાઈ ખરાડી અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કોડીનેટર તથા પ્રવક્તા શ્રી હેમાંગ રાવલ ની આગેવાનીમાં પ્રતિનિધિ મંડળે અંબાજી વહીવટદારશ્રીની મુલાકાત લઈને આવેદનપત્ર આપતા જણાવ્યું હતું કે ૫૧ શક્તિપીઠ મહોત્સવના નામે મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓને ૧૭૫૦/- રૂપિયાની જમવાની ડીશ અને ૭૨૦/- રૂપિયાની ચા થઈ હતી. જે કલેકટર બનાસકાંઠા અને સરકારે ચૂકવવાના થાય છે, તે રૂપિયા અંબાજી દેવસ્થાન ટ્રસ્ટે ચુકવ્યા. એક તરફ ૫૧ શક્તિપીઠમાં માતાજીને થાળ ધરાવવામાં આવતો નથી અને બીજી તરફ સરકારી નેતાઓની અને અધિકારીઓની લાખોની જયાફત કરે છે. અંબાજી વહીવટદાર દ્વારા ઉપરોક્ત બાબતે રદિયો આપતા સ્વીકારાયું હતું કે ૧૧,૩૩,૯૨૪ રૂપિયાની ચુકવણી સરકાર દ્વારા ગ્રાન્ટ ન મળ્યાના સંજોગોમાં એજન્સી દ્વારા બિલના નાણાંની ચુકવણી માટે વારંવાર ઉઘરાણી થતાં અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા ટ્રસ્ટના ભંડોળમાંથી રૂ. ૧૧,૩૩,૯૨૪ની ચુકવણી કરવામાં આવેલ છે અને હજુ સુધી લગભગ ૨૦૦ દિવસ બાદ પણ સરકારે આ રૂપિયા સરભર કરેલ નથી.

જાગૃત નાગરિક દ્વારા આરટીઆઈ દ્વારા પ્રશ્ન પૂછવામાં આવતા માલુમ પડેલ છે કે હકીકતમાં ઉપરોક્ત જમવાનો ખર્ચ કલેક્ટર બનાસકાંઠાના અંડરમાં નાયબ ચૂંટણી કલેક્ટરશ્રીએ તેના ટેન્ડર મંગાવ્યા હતા. પરંતુ ત્યારબાદ કલેક્ટરશ્રીએ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અને સૂચન કરીને ઉપરોક્ત બિલ ચૂકવવા કહેલ. અંબાજી દેવસ્થાન ટ્રસ્ટને લાખો શ્રદ્ધાળુ પોતાની આસ્થાથી દાન આપી રહ્યા છે પરંતુ તેમના દાનનો આ પ્રમાણે દૂર ઉપયોગ થઈ રહ્યો છે અહી આંખે ઉડીને વળગે તેવી બાબતે છે કે ૧૬ માર્ચ ૨૦૨૪ના રોજ ચૂંટણી પંચે ચૂંટણી જાહેર કરી હતી. પરંતુ એ પેહલા આ સમયગાળામાં કોઈ ચૂંટણીઓ ન હતી છતાં તે પહેલા નાયબ ચૂંટણી અધિકારીશ્રીઓએ કોના આદેશથી ચૂંટણી પંચના લેટરપેડ ઉપર આવા પ્રકારનો વર્ક ઓર્ડર આપેલ હતો તે પણ એક મોટો તપાસનો વિષય છે. અને ચૂંટણી પંચના ખર્ચ હોય તો એ કેન્દ્રનું ચૂંટણી પંચ અથવા ગુજરાતનું ચૂંટણી પંચ ચૂકવે, ચૂંટણી પંચના લેટર પેડનો દુર ઉપયોગ કરીને ચૂંટણી પંચ બીલ અંબા માતા દેવસ્થાન ટ્રસ્ટને કંઈ રીતે મોકલી શકે? અને મોકલ્યું હોય તો પણ દેવસ્થાન ટ્રસ્ટ બિલ મંજૂર કરે એનું એક જ કારણ જીલ્લા ચૂંટણી અધિકારી હોદ્દાની રુએ બનાસકાંઠા કલેકટર અને અંબા માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન પણ હોદ્દાની રુએ પણ બનાસકાંઠા કલેક્ટર એટલે દલા તરવાડીની જેમ વેહેચણી કરી નાખવાની.

વિધાનસભાનાં અધ્યક્ષ આ બધા ફફૈં ને આમંત્રણ આપીને અંબાજી લાવ્યા હતા તો આ બધા અધ્યક્ષના મહેમાનો હતા તો આ ખર્ચ ખરેખર આસ્થા અને શ્રદ્ધાથી ભકતોના આવેલાં દાનના નાણાંથી ખર્ચવાને બદલે અધ્યક્ષશ્રીએ સ્વયં પોતાનાં નાણાં આપવાં જોઈએ અથવા સરકારમાંથી નાણા અપાવવા જોઈએ. શક્તિપીઠ અંબાજી ખાતે મુખ્યમંદિર સિવાય બીજા ૬૧ મંદિરો (૫૧ શક્તિપીઠ સહિત) દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા સંચાલન કરવામાં આવે છે. જેની મુર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા પણ કરવામાં આવી છે. ૫૧ શક્તિપીઠ મંદિરોનું લોકાર્પણ ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવેલ હતું. પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી પણ અંબાજી મંદિરમાં પરમ આસ્થા ધરાવતા હતા, આ શક્તિ મંદિરોમાં કોરોના પહેલા માતાજીને વિધિવત રીતે ભોજન થાળ ધરાવવામાં આવતો હતો પરંતુ કોરોના દરમિયાન મહામારીના બહાને ઉપરોક્ત રાજભોગ થાળ દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા બંધ કરી દેવામાં આવેલ હતો ત્યારબાદ માઈભક્તોની વારંવાર રજૂઆત બાદ પણ આ રાજભોગ ધરાવવા માટેના શાસ્ત્રોક્ત વિધિ વિધાન હજુ પણ શરૂ કરવામાં આવેલ નથી.

સનાતન ધર્મી સમાજ, સંસ્થા અને માઈભક્તો તથા સ્થાનિક આગેવાનો દ્વારા રજૂઆત કર્યા પછી માત્ર ૮૦ ગ્રામ મોહનથાળનું ચોસલું ધરાવવાનું ચાલુ કરવામાં આવેલ છે પરંતુ આ એકપણ મંદિરોમાં માતાજીને થાળ કે રાજભોગ ધરાવવામાં આવતો નથી. શાસ્ત્રોક્ત વિધીવિધાન મુજબ પ્રાણપ્રતિષ્ઠા કરેલી મુર્તિઓને જીવંત ગણી તેમને થાળ ધરાવવો ફરજીયાત હોય છે. પરંતુ ૫૧ શક્તિપીઠ મંદિરમાં થાળ તો ઠીક માતાજીના વસ્ત્રો અને શણગાર પણ નિયમિત બદલવામાં આવતા નથી.

કોરોના સમયે દેવસ્થાન ટ્રસ્ટે પરિપત્ર દ્વારા કોરોના વાયરસની પરિસ્થિતિ અંકુશમાં ન આવે ત્યાં સુધી ગબ્બર પરિક્રમા માર્ગના મંદિરોમાં તથા દેવસ્થાન હસ્તક દ્વારના પેટા મંદિરોમાં પ્રસાદ તરીકે રેવડી સિંગ સાકર ધરાવી માતાજીને શાસ્ત્રોક્ત વિધિ વિધાનથી પ્રસાદ ભોગ ધરાવવાનું તેમજ પરિસ્થિતિ અંકુશમાં આવ્યા બાદ પુનઃ ખાતાના થાળ/રાજભોગ ચાલુ કરવાનું જણાવેલ હતું પરંતુ હજી સુધી કોઈ નિર્ણય લેવાયેલ નથી.

અંબાજીમાં ચર્ચાઓ થઈ રહી છે કે કોઈ મોટા સરકારના નેતાના પરિવારનો બાબરી અથવા અન્ય ધાર્મિક પ્રસંગ અંબાજી ખાતે ઉજવવાનો હોય તડામાર તૈયારીઓ થઈ રહી છે. આપશ્રીને નમ્ર વિનંતી કે ઉપરોક્ત પ્રસંગનો કોઈપણ વિશિષ્ટ ખર્ચ દેવસ્થાન ટ્રસ્ટમાંથી કરવામાં ન આવે, સાથેસાથે ભૂતકાળના સરકારે ચુકવવાના બિલ જેવાં કે એસટી બસોના ભાડા વગેરે સરકાર જ ચૂકવે અને ટ્રસ્ટ પર તેનો બોજો ના આવે તે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે.

અંબાજીના સ્થાનિકો તથા માઈ ભક્તોની રજૂઆતના આધારે ગુજરાત કોંગ્રેસ માંગણી કરે છે કે જો મુખ્યમંત્રીશ્રી અને ધારાસભ્યશ્રીઓને માટે ૧૭૪૫ રૂપિયાની જમવાની થાળી અને ૭૨૦ની ચાની ચૂસકી ધર્મપ્રેમી જનતાએ આપેલા દાનના રૂપિયાથી ચૂકવવામાં આવેલ હોય. જ્યાં માતાજીનું હૃદય બિરાજમાન છે ત્યાં માતાજીની આસ્થા સાથે ચેડાં થતાં ભક્તોના હૃદયને ઠેસ પહોંચી છે માટે સત્વરે ઉપરોક્ત બિલના નાણાં મંદિર ટ્રસ્ટમાં પરત લાવવા કડક કાર્યવાહી કરવામાં આવે. જો ભક્તોની આસ્થા સમાન તેમના દાનના નાણા સરકાર દ્વારા મંદિર ટ્રસ્ટને પાછા આપવમાં નહી આવે તો કોંગ્રેસના કાર્યકર્તાઓ અંબાજી મંદિરનો ઊઈકોડ લઈને ભાજપના ધારાસભ્યોના મતવિસ્તારમાં તેમની પાછળ ખર્ચાયેલા મંદિરના રૂપિયા નાગરિકો પાસેથી દાન સ્વરૂપે ઉઘરાવશે.

---

ન્યુઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ







**NOG SS no. 358**
વિષય : બંધન છૂટે ના.
પ્રકાર : ગદ્ય
શીર્ષક : અંતિમ ક્ષણો બંધન ની
------------------------------

અંતિમ ક્ષણો બંધન ની.

શું બધા જ બંધન તૂટવા માટે જ સર્જાય છે?

જો છૂટા પડવું એ અનિવાર્ય હોય તો સંબંધ ના તાંતણે બંધન કેમ થાય છે.

સંબધો માં આપણે કોઈ ને કોઈ ના ઋણાનુબંધ ને લઈ ને જ એક બીજા ને મળ્યા છીએ ને અને ઋણ પૂરું થતાં જ વ્યક્તિ આપણા થી એક ક્ષણ પણ વધારે રહી નથી શકતી. આ નિર્વિવાદ સત્ય છે અને બધા જ આ હકીકત ને ખૂબ સારી રીતે જાણે જ છે . બસ સ્વીકારી નથી શકતા.

ઈશ્વરે માણસ ને બધી જ રીતે સ્વતંત્રતા આપી છે, બસ જન્મ અને મરણ ની સત્તા પોતાના પાસે રાખી છે, બધા વિભાગ વહેંચ્યા છે, બસ આ વિભાગ પોતાના હસ્તક છે

આવું કેમ થાય છે ? સવાલ દરેક નો છે
એનો જવાબ કોઈ પાસે નથી.

એક સત્ય ઘટના પ્રસ્તુત કરવી છે, પણ કોઈ પ્રસિદ્ધિ ની અભિલાષા સિવાય .

એક દીકરા અને એની માતા ના સંબધ રૂપી બંધન ની.
બીમાર માતા નો અંતિમ સમય નો એ દિવસ.
થોડા દિવસ દીકરી ના ઘરે હવા ફેર કરવા ગયા ને
એ છેલ્લો દિવસ,
વિદાય ની એ વસમી વેળા નો સમય નજીક આવતો હતો,
છેલ્લા કલાકો માં દીકરો એની માતા ને પોતાના ઘરે પાછા લાવે છે.

સાંજે બધા જમી ને પરવારી રહ્યા, પછી માતા એ કુટુંબ ના બધા ને ભેગા કરી દીકરાઓ ની ભલામણ કરી ને બધા ને ચા પાણી કરાવ્યા, થોડો સમય વિતાવી , અંતિમ સમય આવ્યો એટલે

બધા ને થોડી ક્ષણો માટે દૂર કર્યા અને દીકરા ને પાસે બોલાવી એના ખભે માથું મૂકી ને માતા એ અંતિમ શ્વાસ લીધા
.

દીકરા માટે માતા ની વિદાય ની વસમી ક્ષણો
ક્યાંથી વિસરાય.
કેમ રે ભૂલાય, વસમી માતા ની વિદાય.

સૌમ્ય ' નીલ ' નિલેશ સોલંકી (ઉનાવા)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. - 139**
વિષય - બંધન છૂટે ના
પ્રકાર - પદ્ય ( કાવ્ય )શબ્દસંખ્યા - ૯૩
શીર્ષક - હરિનું બંધન

જીવન આયખું આવ્યું ખુટવા,
હરિ તારો સાથ કદી છૂટે ના!

પાપપુણ્યના લેખાજોખાં કર્યાં,
હવે કરવું બસ હરિસ્મરણ!

મારુંતારું કરતાં સઘળું
છુટી જાશે,
સંપત્તિ, સ્વજનો આવશે ના
કોઈ સંગ!

નાણાં રળી ખડી કરી
મહેલાતો,
ભક્તિભાવે ધરવી હરિ
સત્કર્મોની સોગાતો!

સાચાખોટાં કર્મોની ગતિ
નિહાળી,
શરણું હરિ તવ એ જ
સદ્ગતિનો માર્ગ!

લખચોરાશીના ફેરાં ફરી
થાક્યાં,
બંધનો એ કાપી પામીએ
મોક્ષ!

પ્રભુ સઘળાં બંધનો કાપી
હવે,
બસ, તવ ભક્તિ તણું બંધન
છૂટે ના!

હું બાંહેધરી આપું છું કે મારી આ રચના મૌલિક, સ્વરચિત ને અપ્રકાશિત છે.

રત્ના પટેલ જરીવાલા.(વિદૂષી)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 181**
વિષય : બંધન છુટે ના
શીર્ષક : ×તારા બંધનની ચાહક છું×....
પ્રકાર : પદ્ય શબ્દો :૧૦૪

હું તારા મોહમાં બંધાયેલી છું, આ બંધન છુટે જ ના
હું તારા પ્રેમના તાંતણે બાંધતી રહું,આ બંધન છુટે જ ના

હું તારા સંબંધોથી વણાયેલી છું, આ બંધન છુટે જ ના
હું તારા આગોશમાં સમાયેલી છું,આ બંધન છુટે જ ના

હું તારા શમણાંમાં ખોવાયેલી છું,આ બંધન છુટે જ ના
હું તારા રંગમાં રંગાયેલી છું, આ બંધન છુટે જ ના

હું તારા નામથી ઓળખાતી છું આ બંધન છુટે જ ના
હું તારા શબ્દોથી સંકળાયેલી છું,આ બંધન છુટે જ ના

હું ×કૌસુમી×?? તારા જ બંધનથી બંધાયેલી છું આ બંધન છુટે જ ના

છોડી બધાંજ સંબંધો તને જ સંબંધિત છું આ બંધન છુટે જ ના

??સુરમી બધેકા, કૌસુમી??- મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No.0185**
વિષયઃ-×બંધન છૂટે ના×
શિર્ષકઃ- માયાનો ખેલ
પ્રકારઃ- પદ્ય - શબ્દઃ- ૧૨૬

કર્મબંધને ગર્ભે જીવ બંધાઈ મુંજાયો, જીવનું બંધન છૂટે ના,
છૂટ્યું બંધન સમય વહેતાં, નવા બંધનો રાગે લગીરે છૂટે ના,

બાળપણે જોઈ લોહીની સગાઈ, સંસારી બંધન કદી છૂટે ના,
લૌકિક સંબંધોએ કેડી રચાણી સ્વભાવે, જીવે બંધન છૂટે ના,

ગુરુ-શિષ્યનો નાતો સજર્યો સ્કૂલે, જ્ઞાનવર્ધને બંધન છૂટે ના,
પ્રગટ્યા આત્મભાવે સંસ્કારો, જીવ વ્યવહારે બંધન છૂટે ના,

પામ્યો જીવ પ્રેમ પિપાસાના બંધને, જીવનું પ્રેમ બંધન છૂટે ના,
સ્પંદનો પ્રેમના જાગ્યા પ્રિયતમા પર, અતિમોહે બંધન છૂટે ના,

પ્રેમ, વિશ્વાસ, માયાના વિકારે, પરપોટે જીવનું બંધન છૂટે ના,
સ્વમાં થાય તું એકાકાર જો, નિજાનંદે તત્વનું બંધન છૂટે ના,

સાચા ગુરુના સાનિધ્યે, આત્મા-પરમાત્માના બંધનો છૂટે ના,
આખરે તું જ તારો ગુરુ થા, શુદ્ધ આત્મતત્વે બંધન છૂટે ના,

''ઝરૂખો'' માને પંચતત્વના દેહને ક્ષીણ, કદી બંધન છૂટે ના,
લખચોરાસીના ફેરા ટાળવા, ઈશના શરણનું બંધન છૂટે ના.

-દિલીપ સી. સોની ''ઝરૂખો''

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS 0092**
વિષય - બંધન છૂટે ના
શિર્ષક - બંધને મુક્તિ શબ્દ - ૧૪૧

બંધન ગમે છે મને પરિવારનું,
મારા શ્વાસ - પ્રાણ સમ અંગીકારનું.
રક્ત સાથે જે શરીરને પોષ્યા કરે,
એવા સોહામણા સંબંધોના મીઠાં ભારનું.

માત - પિતા, બહેન - ભાઈ પ્યારાં,
જીવન નભના ઉજજવળ સૂરજ, ચંદ્ર,તારા.
પતિ, પુત્ર, પુત્રી લાડલા ને દુલારા,
બની પ્રાણવાયુ શ્વાસ પૂરે જે મારા.

જમાઈ, પુત્રવધૂ ને દોહિત્ર,
થોડાંક અલગારી ને ન્યારા.
અંધકારમાં આપે એ તેજના ફુવારા,
પાવન તેઓથી જીવન જાણે ગંગધારા.

આ બંધનોથી ખુદને ભાગ્યશાળી છું માનું,
બધાને ક્યાં મળે છે આ સુખ મજાનું !
આપું એક કણ સ્નેહને ઓવારે ધોધ આખો,
બંધનમાં મજાનું આ સુખ તો કોઈ ચાખો.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ

પ્રાર્થના ઈશને કે કદીયે આ બંધન ના છૂટે,
મળે મીઠાશ આ સંબંધોની જ્યાં લગી શ્વાસ છૂટે.
આપું ને પામું અઢળક ના ખૂટે સ્નેહનો ખજાનો,
ચાહતનો આ ખેલ બની રહે મોટાં ગજાનો.

અલકા નવિનચંદ્ર મહેતા

---

**NOG SS No : 231**
વિષય. બંધન છૂટે ના
શીર્ષક.લેણદેણ
પ્રકાર . ગદ્ય શબ્દ.૧૫૦

જીવન ના અમુક બંધનો એવા હોય કે ના છૂટે ના છોડી શકો.તમારી લેણદેણ હોય ત્યાં સુધી એ પુરા કરવા જ પડે.પણ અમુક બંધન એટલા સરસ અને નિસ્વાર્થ હોય છે કે તમને એ બંધન ગમવા લાગે છે .અને આવા બંધાઈ ગયેલા સંબંધ તમરા જીવન મા એક અલગજ ઉત્સાહ અને ઉમંગ લાવી દે છે . જેમ રાધા ને કૃષ્ણ નું બંધન મીરા ને ગિરધર ગોપાલ નુ બંધન ગોપી અને કાન્હા નુ બંધન દ્રોપદી અને કેશવ નું બંધન બસ એમજ આપણું પણ પરમતમાં સાથે નું બંધન .કદાચ બીજા બંધનો સ્વાર્થ થી બંધાય પણ ઈશ્વર સાથે નું એ ખેંચાણ અને લગાવ ક્યારે સ્વાર્થી નથી હોતું ત્યાં પ્રેમ આનંદ અને કરુણા જ હોય છે એટલે બાકી બંધન છૂટે તો છૂટવા દેજો પણ પરમાત્મા સાથે નું બંધન ક્યારેય છૂટવા ના દેતા અને છેલ્લે શ્રાવણ નો સોમવાર હોય એટલે એક ગીત ની કડી ભોલેનાથ માટે

× મે તો બંધ જાઉં તેરે ભક્તિ મે
ઓ શિવજી
જેસે ગંગા તેરી જટા મે×
લેખિકા. સુચી રાવલ

---

**NOG SS NO. 187**
પ્રકાર : પધ શબ્દો : ૮૯
વિષયઃ જય મહાદેવ.
શીષૅક :હર હર હર મહાદેવ.
નામ : ચારુલતા દોષી.

હર હર હર મહાદેવ હરે.
જય જય શિવ શંકર ભોલે.
હર હર હર મહાદેવ હરે.
ડમ ડમ ડમ ડમરુ બોલે.

હર હર હર મહાદેવ હરે.
સુણીને મારું મનડું ડોલે,
આતમ મારો આજે બોલે,
જય જય શિવ શંકર ભોલે.

પિનાક પાણી છે હાથે,
ત્રિશુળ પણ કર માં સોહે,
ગળામાં ફણીધર ડોલે,
જય જય શિવ શંકર ભોલે.

જટા થી ગંગાજી નીતરે,
મસ્તક પર બીજ ચંદ્ર બીરાજે,
ભાલ પર ત્રીજું નેત્ર સોહે,
જય જય શિવ શંકર ભોલે.

હિમાલય માં વાસ
આભાર - નિહારીકા રવિયા કરે,
શક્તિ પણ સાથે સોહે.
કૈલાસ પતિ છે નામ ધરે.
જય જય શિવ શંકર ભોલે.

ચારુલતા દોષી

---

**NOG SS NO 169**
વિષય - બંધન છૂટે ના
શીર્ષક - હાથ મારો ઝાલજે
શબ્દ - ૮૪

બંધન છે, તારું ને મારું અનોખું,
જોજે માધવ! બંધન છૂટે ના પ્રભુ!

નથી કર્યા વ્રત કે તપ વાત સાંભળ તું,
દરેક જીવમાં શિવ જોયા, વાત માન તું.

સત્ય કેરાં પંથે ચાલી, જીવનમાં સદાય હું,
મારી નસ નસનો જાણકાર સર્વેશ્વર તું.

મધદરિયે હોડી મારી, સંભાળ હવે તું,
પ્રેમાળ પવન પુરી, હેતે હંકાર પ્રભુ!

અંત વેળાએ આટલું મને આપજે,
ના રહે માયાના બંધન, હાથ મારો ઝાલજે.

લતાબેન ચૌહાણ.. ×સોનાવેલ× (ગોધરા)

---

**NOG SS NO 184**
વિષય :-×બંધન છૂટે ના''
શીર્ષક :- શ્રધ્ધેય બંધન
પ્રકાર :- પધ - શબ્દ :-૧૦૩

'અરે, આવો' કહીને બંધાય છે આ બંધન;
હળતાં મળતાં વધારે મહેંકાય છે આ બંધન.

'ચાલો, મળીએ' અને 'કેમ છો' આ આરંભ;
ધીમે ધીમે તાળીથી હરખાય છે આ બંધન.

'પ્રતીક્ષા' ને 'હરખ'થી મજબૂતી મળવાની,
સંબંધની અતૂટ ગાંઠે બંધાય છે આ બંધન.

'વાત' ને 'મુલાકાત' પાયાના પથ્થર છે અહીં,
પણ નાના અભાવથી તોડાય છે આ બંધન.

એકતરફી તો એકતરફી, કંઈક તો છે અહીં,
છેલ્લા કલાકોમાં કાવ્ય લખાવે છે આ બંધન.

સારાઈ જગાડશો તો સમજાશે સંબંધના બોલ,
શ્રધ્ધાથી 'પરખ' તો કરો, છૂટે ના આ બંધન.

હસમુખ બી. પટેલ 'હર્ષ'-'પરખ'

---

**NOG SS NO - 0050**
વિષય - બંધન છૂટે ના
શીષૅક- આ કેવું બંધન..?
પ્રકાર - પદ્ય શબ્દ સંખ્યા - ૭૪.

..........................??........... આ કેવા બંધન બનાવીએ છીએ..!
આ કેવા સંબંધ નિભાવીએ છીએ..!
સંબંધોના બંધન જોડીએ ને તોડીએ છીએ ..!
આ કેવાં સંબંધ સર્જન કરીએ સમજાઈ ના ..!
ધર્મના સંબંધ બનાવીએ છીએ..!
પોતાના ને ભૂલી રહ્યાં છીએ..!.
ફેસબુક ને ઈન્સ્ટાગ્રામ પર સંબંધ નિભાવીએ છીએ..!
અંત સમયે પોતાનાથી ચહેરા છુપાવીએ છીએ ..!
ક્ષણિક ભોગ વિલાસ માટે જન્મોનાં બંધન તોડીએ છીએ..!
એક ક્ષણના સંબંધ માટે જીવનભર બબાલ કરીએ છીએ...!
અંત સમયે પણ એ જ હંગામો..!
નથી કોઈ વચન, નથી કોઈ બંધન,
તો પણ પ્રેમનું બંધન છૂટતું નથી..!

અતૂટ સંબંધ લાગણીઓનાં..! એ કદીના વિચાર્યું મેં..!

રાગિની શુક્લ ×રાગ×મુંબઈ.

---

***NOG SS No.: 0141***
★વિષય : ×બંધન છૂટે ના×★
★શીર્ષકઃ ×હૈયા બંધન×★
★શબ્દ સંખ્યાઃ ૧૪૨★

ભગ્ન હૈયું, વિલાપ કરવાનું;
વગોવાઈ જૈ, વગોવવાનું;
નિર્મળ હશે તો, નીતરવાનું;
હે થાય તરતર! તોય... બંધન કુટે ના!

ધડામ કરી, ભોં પર પછડાવું;
ખૂબ ઊંચેથી, નીચે ગબડાવું;
આતસબાજી, સમ અવાજે;
ને થાય થરથર! તોય... બંધન ફૂટે ના!

આંખ કાયમ, મીટ માંડી રે'શે;
સ્વપ્ન સજાવી, આક્રંદ કરશે;
મેળાપ મળે ન, અશ્રુએ વહેશે;
તે થાય ઝરઝર! તોય... બંધન ખૂટે ના!

શોષ પડે, તું તૃષાતુર ભરપૂર;
ડૂમો ગળામાં રહેતો ગાંડોતૂર;
જા થઈ એકલ, ગમે તેમ ઝૂર;
તે થાય ખરખર! તોય... બંધન તૂટે ના!

વિપદા બહુ, ખમવા મળવાની;
લાભ હાની, સમતા રાખવાની;
મહેનત રહે, સંપદા બની જ્યાં;
જે થાય પગભર! તોય... બંધન લૂંટે ના!

પરભવના, કોઈ પુણ્ય પ્રતાપે;
મળ્યા છે, આપણ લેણદેણથી;
તારું તુજને દૈ, મારું મુજને લૈ;
એ થાય સરભર! તોય... બંધન છૂટે ના!

★લેખકનું નામઃ રસિક વ પરમાર ×રવ×★

---

**NOG.SS.NO:- 0088**
વિષયઃ- સંબંધ ના છૂટે
શીર્ષકઃ- ભવોભવનું બંધન

કાન! બંધ નયનોમાં પ્રેમ બિડાયેલ પડ્યો છે;
આંખે સંયમનો સજ્જડ બંધ બાંધ્યો છે.

દડી ના પડે ક્યાંક અશ્રુસંગ વ્હાલાની યાદો!
હૃદયે શ્રદ્ધાનો દીવો ઝળાંહળાં પ્રગટયો છે.

માંગે છે જમાનો સાચી પ્રીતનાં સબૂતો;
પ્રેમનો એકરાર કાન્હા સવાલે ચઢ્યો છે.

બંધાયો છે જો કાનો રાધાની અમર પ્રીતે;
આવીને દે પરચો જમાનો રવાડે ચડ્યો છે.
કાચા રેશમી તાંતણે છો બંધાઈ હો પ્રીતડી;
તૂટે કે ના છૂટે! ભવોભવનો સંબંધ બાંધ્યો જે.

ડૉ. મનીષા વ્યાસ..અમદાવાદ

---

**NOG SS No.369**
વિષયઃ જય મહાદેવ
શીષૅકઃ દેવોના દેવ મહાદેવ

દેવોના દેવ એવા મારા મહાદેવ
ભક્તિ કરું તારા નામની ખોટી નથી ટેવ

વિશ્વાસ રાખું તારા પર, મનમાં તારું નામ સેવ
દેવોના દેવ એવા મારા મહાદેવ

આખો મહિનો કરીયો તારા નામનો ઉપવાસ
થાય મારા સૌ કામ રાખું છું તારા પર વિશ્વાસ
દેવોના દેવ એવા મારા મહાદેવ

સવારે ઉઠીને બોલું હર હર મહાદેવ,જય ભોલે
આંખોમાં, દીલમાં, મનમાં તારો વાસ,નાં આવે કોઈ તારી તોલે
દેવોના દેવ એવા મારા મહાદેવ

નિતીન કુમાર (ચકો)સુરેન્દ્રનગર

---

**NOG SS NO - 196**
વિષય - ' બંધન છૂટે ના! '
શીર્ષક - બંધન છૂટે ના!
પ્રકાર - પદ્ય
જ્યારથી કૃપા થઈ માં સરસ્વતીની,
રાહ પકડી મેં તો લેખન કળાની,
જોડી જામી એવી કાગળ અને કલમની,
ધીરે ધીરે પકડ બની મજબૂત મારા શબ્દોની,
શોખમાંથી ધ્યેય અને હવે આ કળા સાધના બની,
દિવસમાં કદી છૂટે લખવાનુ તો મન ફરતું બેચેન બની,
લેખિકા બિરુદ હવે તો મને ગયું ગમી,
ના છૂટે રસ હવે લેખન કળામાંથી કદી,
બાંધ્યું મેં તો બંધન શબ્દો, કાગળ અને કલમનું ' તન્વી ',
બસ, પ્રભુને એ જ પ્રાર્થના આ ' બંધન કદી છૂટે ના '.
તન્વી શુક્લ

---

**NOG SS NO: 371**
વિષય : બંધન છૂટે ના
શીર્ષકઃ યાદ રાખજે.
પ્રકારઃપદ્ય
કુલ શબ્દોઃ
જોડ્યા છે તારી સાથે હૃદયના તાર કાના,
જોજે અધવચ્ચે આ જોડાણ તૂટે ના કે બંધન છૂટે ના.

હોય લાખો મૂશ્કેલીઓ જીવનમા તું સાથ આપજે કાના,
જોજે અધવચ્ચે રસ્તામાં સાથ છુટે ના કે બંધન છૂટે ના.

જિંદગીના ઝેર પચાવી લીધા તારા સહારે મે કાના,
જોજે મારા કોઈ હળાહળ વિષ પીવે ના બંધન છૂટે ના.

રાધા બની તારી યાદમાં જિંદગી વિતાવી દીધી કાના,
જોજે ફરી જન્મ લઈને પ્રિયતમ છૂટે ના બંધન છૂટે ના.

નથી જાણતી હું રીત કંઈ રીતે બનાવું તને મારો કાના,
મીરા બનું રાધા બનું કે બનું તારી વાંસળી તૂટે ના બંધન છૂટે ના.

ભાવના જોષી ' ચાંદની ' બરોડા હાલ છોટાઉદેપુર

# પતિની હત્યા કરાવવા પત્નીએ સોપારી આપી અને??

" બાબા. બાબા. બાબા"
"આગે તો બોલો"
" બાબા . બાબા. બાબા . બહું પરેશાન હૂં. ઓફિસમાં બોસ અને ઘરે બૈરી તંગ કરતી હૈ. મૈં તંગ આ ગયા હૂં. બાબા રાસ્તા દિખાઈયે.એક પતી ગયેલા પતિ નિર્મલ બાબાના સત્સંગ તરીકે ઓળખાતા દરબારમાં ગયો.બાબાને ગુહાર લગાવી .
બચ્ચે બેલન દેખતા હૈ!" અંતર્યામી બાબાએ કહ્યું.
" બાબા સિર્ફ બેલન જ દિખતા હૈ?" પેલો દુખી બોલ્યો.
" હા બચ્ચા!" બાબાએ તેનું વાક્ય દોહરાવ્યું.
" બાબાજી, આંખો ચેક કરાવો. લઘુગુરૂ દ્રષ્ટિની તકલીફ છે. કદાચ મોતિયો પાકી ગયો હોય!!" પત્ની પિડીત પતિ બોલ્યા .
એમ કેમ કહે છે, વત્સ?" બાબાએ અકળાઈને પૂછયું.
" બાબા. વેલણ, સાણસી , ચીપિયો , તાવેથો, દસ્તો, આડણી પણ જુઓને! પત્ની આ શસ્ત્ર-અસ્ત્રથી નિશસ્ત્ર પર પ્રહાર કરે છે. આ કુપાળમા્ ઢીમચા દેખાય છે તે પત્નીના અમાનુષી ત્રાસને કલાત્મક રીતે બયાન કરે છે" પતિએ દર્દનાક ચિત્કાર કર્યો .
" દો બેલન ખા લેના ઔર ગરીબ કો બેલન બાંટ દેના કિરપા કાયમ ન રહેગી" આમ કહી બાબા કોઈને સંભળાય નહીં તે રીતે સ્વગોકત બબડ્યા ' હું તો તમારો ઉપાય કરીશ. મને વીસનોરીથી રોણ બચાવશે??
પત્ની પર થતા અત્યાચારો જગજાહેર છે. મહિલામંડળો, ફેમિનિસ્ટ વગેરે બિચારી અબળા પર ઈમોશનલ અત્યાચાર વગેરે કાગારોળ મચાવે છે. દહેજ માટે , પુત્ર માટે લગ્ન બાદ પત્ની ગમતી ન હોય, પતિના અંતરના તાર વોહ સાથે જોડાઇ ગયા, લગ્ન બાદ પતિનો પ્રેમિકા સાથેનો સંબંધ તરોતાજો થયો હોય, પતિ વ્યસની હોય-વ્યસન માટે પત્નીની મારઝૂડ કરતો હોય, પતિ ઘર ખર્ચના પૈસા આપતો ન હોય, પતિ કમાતો ન હોય, નણંદ-સાસુ-જેઠાણી- દેરાણીનો ત્રાસ હોય!! આવા કેટલાક કારણો હોય. આ બધા કારણો ચકાસો તો નવાણુ ટકામાં નારી જ નારીની દુશ્મન હોય. પારસ્પરિક અસહિષ્ણુતા કે અશાંતિમય સહ અસ્તિત્વ કારણભૂત હોય!!
પતિ તો બાપડો પતિ ગયેલો હોય. એની રહનસહન, વર્તન , જમતી વખતે ચબડચબડ અવાજ પત્નીને પસંદ ન હોય, ઊંઘમાં નસ્કોરા બોલે તો પત્નીનું મગજ કૂકરની જેમ ફાટે. એકવાર મગજ ફાટે પછી ધરતીકંપની જેમ આફટર શોક નોનસ્ટોપ આવ્યા કરે.
ઘણીવાર શુ રસોઇ બનાવવી તેની પત્ની પૃચ્છા કરે. પતિ જે જે વાનગી સૂચવે તેના પર પત્ની ચોકડી લગાવી રિજેકટ કરે. જુગારમાં ખેલી જેમ બ્લાઇન્ડમાં છેલ્લે પતા શો કરે તેમ પતિની ખીચડી બનાવવા પર મંજૂરીની મહોર મારે. બેન તારે ખીચડી કરવી હતી તો પછી પતિનો મત લેવાનું કમઠાણ શા માટે કરે છે??
કેટલાક પતિઓએ તમામ રોગોના લવાજમ ભરેલા હોય છે. પતિના શરીરને હોટલ લીલા કેમ્પેન્સકી સમજીને રોગો રોકાણાર્થે આવતાજતા રહે છે.
એક કિસ્સામાં એક પતિ હતા. પતિ ડાયાબિટિક હતા. તેમ છતાં મનસ્વી પત્નીએ બટાટાનું શાક બનાવ્યું. વાસ્તવમાં સુખી દામ્પત્યની એકતરફી ચાવી મુજબ પતિએ ચૂપચાપ બટાટાનું શાક ડોજરામાં ભરી લેવાનું હોય. પછી ડાયાબિટીસની ગોળીનો એકસ્ટ્રા ડોઝ લઇ લેવાનો હોય પતિ સાહેબ મંગલ પાંડે થવા ગયા. બટાટાનું શાક કેમ બનાવ્યું એવું માસૂમિયતથી પત્ની પૂછયું.વિવાદિત બટેટાનુ શાક ખાવાનો ઈન્કાર કર્યો. જેના લીધે પત્ની રણચંડી બની ગઇ. નારી શૈતાન બની ગઇ. વગર વાદળે વગર ચોમાસે શ્રીકાર ગાળ વર્ષા થઈ કડાકાભડાકા થયા. પત્નીએ પતિને મેલાં કપડાં માની સાબુ-પાવડર વિના ધોઇ નાંખ્યો . પતિને હાથે ફ્રેકચર થયું!!હવે મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો છે!!
એક સરકારી અધિકારી સામે તેની પત્નિએ છેક મંત્રી સુધી ફરિયાદ કરતો પત્ર લખી તેની તે ઓફિસમાંથી અન્ય ઓફિસમાં બદલી કરવા અનુરોધ કર્યો હતો. તેનાં કારણમાં તે મહિલાએ જણાવ્યું હતું કે તેને તે ઓફિસની એક મહિલા કર્મચારી સાથે ગેરકાયદે સંબંધો છે, પરંતુ તે ફરિયાદમાં સરકારને કોઇ વજૂદ ન લાગતાં તેને યથાસ્થાને રહેવા દીધો હતો. આથી ઝનૂને ભરાઇ તે મહિલા ઘણીવાર તેની ઓફિસમાં પહોંચી જઈ અભદ્ર ભાષામાં તેને ઓફિસના અન્ય કર્મચારીઓની હાજરીમાં જ ખખડાવી નાખતી હતી. આથી તંગ આવી જઈ તે વ્યકિતએ, ફેમિલિ કોર્ટમાં ફરિયાદ નોંધાવી અને છૂટાછેડાની માગણી કરી હતી જે રાયપુરની ફેમિલી કોર્ટે સ્વીકારતાં તે મહિલાએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. જે અંગે ચુકાદો આપતાં હાઈકોર્ટે રાયપુરની ફેમિલિ કોર્ટના ચુકાદાને સમર્થન આપ્યું!!
સામાન્ય રીતે પતિ અને પ્રેમિકા વચ્ચે પત્ની નડતર બનતી હોય છે. એટલે પતિ પત્નીનું કાસળ કાઢવા અને પ્રેમિકા સાથે ગુલછર્રા ઉડાડવા પ્રોફેશનલ શાર્પ શૂટરને સોપારી આપતો હોય છે. ક્યારેક પ્રેમિકાની વધતી જતી ડીમાન્ડને લીધે પરણીત પ્રેમી કંટાળા જાય અને પ્રમિકાનો કાંટો દૂર કરવા પ્રોફેશનલ કિલરને સોપારી આપતો હોય છે.
બેંગલોરમાં ઉલ્ટી ગંગા વહી.એક મહિલાએ તેના પતિનું અપહરણ કરીને હત્યા કરવા માટે ત્રણ ગુંડાઓને સોપારી આપી હતી. મહિલાને લાગ્યું કે આના માધ્યમથી તે પોતાની ખતરનાક યોજનાને પાર પાડી શકશે, પરંતુ એવું થઈ શક્યું નહીં. સોપારી લેનારા ગુંડાઓએ તેના પતિનું અપહરણ કર્યું, પરંતુ તેનાથી ઉલટાનું એની સાથે મિત્રતા કરી. મહિલાના પતિ સાથે જોર શોરથી પાર્ટીઓ કરીને તેના શરીર પર ટોમેટો કેચપ મુકીને તેને સુવડાવી દીધી. ત્યારપછી તેની કેટલીક તસવીરો લઈને મહિલાને મોકલી અને કહ્યું કે અમે તારા પતિને મારી નાખ્યા છે. હવે પોલીસે અનુપલ્લવી નામની મહિલાની ધરપકડ કરી છે, જેણે તેના પતિની હત્યાનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો. આ સિવાય તેની માતા અમ્મોજમ્માની પણ ધરપકડ કરવામાં આવી છે.!!!
પતિ, પ્રેમિકા અને પત્નીનો પ્રણય ત્રિકોણ કે પ્રમેય કે સમીકરણ સમજવા ગહન હોય છે. તે પ્રશાંત મહાસાગર કરતાં પણ ઊંડા અને ભૂંડા હોય છે!!
ભરત વૈષ્ણવ

# નિરમા યુનિવર્સિટીની ટીમ એરો, રાષ્ટ્રીય ડ્રોન ડેવલપમેન્ટ ચેલેન્જ ૨૦૨૪માં બીજું સ્થાન મેળવ્યું




નિરમા યુનિવર્સિટીએ ડ્રોન ડેવલપમેન્ટ ચેલેન્જ ૨૦૨૪માં ૨જું સ્થાન મેળવ્યું છે. SAEISS (સોસાયટી ઓફ ઓટોમોબાઈલ એન્જિનિયર્સ ઈન્ડિયા સધર્ન સેક્શન) દ્વારા આયોજિત સ્પર્ધા ૨૯ થી ૩૧ ઓગસ્ટ ૨૦૨૪ દરમિયાન ચેન્નાઈની જીઇસ યુનિવર્સિટીમાં યોજાઈ હતી.SAE નિરમા કોલેજિયેટ ક્લબ, ITNU અંતર્ગતના ટીમ એરો એ સ્પર્ધાના માઈક્રો અને રેગ્યુલર એમ બંને શ્રેણીઓમાં પ્રતિનિધિત્વ કર્યું હતું, જેમાં અનુક્રમે ૧.૫ કિગ્રા અને ૪ કિગ્રા વજનની મર્યાદાને પહોંચી વળવા માટે રચાયેલ એરક્રાફ્ટ પ્રસ્તુત કર્યા. ભારતભરની ૮૪ ટીમોમાંથી, ટીમ એરોએ નોંધપાત્ર પરિણામો હાંસલ કર્યા.

માઈક્રો કેટેગરીમાં એકંદરે બીજા ક્રમે રહી, ટીમ ?૪૫,૦૦૦ નું રોકડ પુરસ્કાર અને શ્રેષ્ઠ ટેકનિકલ પ્રસ્તુતિ પુરસ્કાર, જેમાં વધારાના ?૧૦,૦૦૦ નો સમાવેશ થાય છે, રેગ્યુલર કેટેગરીમાં, તેઓએ શ્રેષ્ઠ ડિઝાઈન રિપોર્ટ માટે ૨જું સ્થાન પ્રાપ્ત કર્યું.

માઈક્રો કેટેગરીની ટીમમાં શ્રવણ સાવલિયા (કેપ્ટન), નીલ પટેલ (વાઈસ-કેપ્ટન), રૂત્વા શેઠ, શિવ વનારા, ઋષિથ વનાલિયા, ધગશ પટેલ, પરમ માંકડ, કુશ મહેતા, વ્રુતિક ચાંગેલા અને આયુષ પટેલનો સમાવેશ થાય છે. રેગ્યુલર કેટેગરીની ટીમમાં તીર્થ સુર (કેપ્ટન), વિજય વાઢેર (વાઈસ-કેપ્ટન), મહર્ષિ કેલૈયા, પ્રિયાંશી શાહ, માલવ પ્રજાપતિ, મોનિલ આશાપુરી, સૌમિલ સિંહ, ધાર્મિક ઝા, આદિત્ય ત્રિવેદી, વંશી રૈથ્થા અને વ્રજેશ મિરાણીનો સમાવેશ થાય છે.

ફેકલ્ટી સલાહકારો ડો. અબસાર એમ. લાકડાવાલા અને ડો. ધવલ બી. શાહે સમગ્ર સ્પર્ધા દરમિયાન ટીમને ટેકો આપવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

### ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા

# ઝીરો વેસ્ટ પ્લાસ્ટીક સપ્તાહ ઉજવણીના ભાગરૂપે RRR વાનને લીલી ઝંડી ફરકાવી પ્રસ્થાન કરાયુ



ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તારીખ-૦૧/૦૯/૨૦૨૪ થી તા.૦૭/૦૯/૨૦૨૪ સુધી ઝીરો વેસ્ટ પ્લાસ્ટીક સપ્તાહની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યુ છે. જેનાં ભાગરૂપે ઈઈઈવાન ફેરવવામાં આવશે અને તેનાં દ્વારા પ્લાસ્ટીક વેસ્ટ કલેક્ટ કરવામાં આવશે અને તેના બદલમાં રીસાયકલ વેસ્ટમાંથી બનેલ વસ્તુઓ આપવામાં આવશે. જેનું માન. મેયર શ્રીમતી મીરા પટેલ તથા માન. મ્યુનિસિપલ કમિશનરશ્રી જે. એન. વાઘેલા દ્વારા લીધી ઝંડી ફરકાવીને આજરોજ તા.૦૨/૦૯/૨૦૨૪ થી પ્રસ્થાન કરવામાં આવ્યુ. જેમાં નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી , અધિકારીશ્રીઓ તથા ગાંધીનગર મહાનગરપાલિકાનો સ્ટાફ હાજર રહેલ. ઈઈઈ વાન નીચે જણાવેલ સ્થળ અને સમયે ઉભી રહેનાર છે. આ સાથે જ ઈ-વેસ્ટ કલેકશન પણ કરવામાં આવશે જેમાં ઈ-વેસ્ટ સામે યોગ્ય વળતર આપવામાં આવશે.

ઝોન સ્થળ .તારીખ

ઉત્તર ઝોન ૨ ૪ - ૨ ૭ એપ્રોચ ૦૨/૦૯/૨૦૨૪

ઉત્તર ઝોન પેથાપુર ૦૨/૦૯/૨૦૨૪

મધ્ય ઝોન ઉમિયા મંદિર, સેક્ટર-૧૨..૦૩/૦૯/૨૦૨૪

મધ્ય ઝોન નમસ્તે સર્કલ ૦૪/૦૯/૨૦૨૪ આ ઉપરાંત માય થેલી વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં વેસ્ટ કાપડમાંથી સ્થળ પર જ થેલી બનાવી આપવામાં આવશે.ઉત્તર ઝોન સેકટર-૨૭ ગાર્ડન તા.૦૪/૦૯/૨૦૨૪

# પાટણમાં ઓતિયા સમાજના ચાર પરિવારોએ ગણેશજીની માટીની અવનવી મૂર્તિઓ તૈયાર કરી, રૂ ૧૦૦ થી ૫ હજાર સુધીનો ભાવ







પાટણ શહેરમાં વર્ષોથી માટી માંથી મૂર્તિઓ અને રમકડાં બનાવતા ઓતિયા સમાજના કારીગરો આગામી વિઘ્નહર્તા ગજાનદ ગણેશજીના પાવન પર્વ ગણેશ ચતુર્થીને લઈ માટી માંથી મૂર્તિઓ બનાવવાના કામમાં લાગી ગયા છે. શહેરમાં રહેતા ઓતિયા સમાજના ચાર જેટલા પરિવારોના પૂર્વજો માટીમાંથી સુંદર રમકડાં, મૂર્તિઓ ,ગરબાઓ બનાવતા હતા .આજે પણ માટીમાંથી વિવિધ વસ્તુ બનાવવાની પરંપરા જાળવી રાખી છે.હિન્દુ ધર્મના વિવિધ ધાર્મિક તહેવારોમાં આ માટીકામનાં કારીગરો વિવિધ પ્રકારની મૂર્તિઓ બનાવી તેનું વેચાણ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા છે. દશામાંના વ્રત અને જન્માષ્ટમીમાં આ કારીગરોએ માટીમાંથી માતાજીની સુંદર મૂર્તિઓ બનાવી હતી. હવે આગામી ભાદરવા સુદ ચોથના દિવસે ગણપતિ ભગવાનની આરાધનાનું પવિત્ર પર્વ ગણેશચતુર્થીનો તહેવાર આવી રહ્યો હોય પાટણના ઓતિયા પરિવારના માટીકામના કારીગરો છેલ્લા ૬ માસથી માટીમાંથી ગણપતિ દાદાની વિવિધ મુદ્રાઓ વાળી મૂર્તિઓ બનાવવામાં આવી છે. ગણેશ ચતૃથીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે હાલ મૂર્તિઓને રંગ રોગના કરવામાં આવી રહ્યો છે.

મૂર્તિ કાર નવીનભાઈ ઓતિયાએ જણાવ્યું હતું કે, હવે લોકોમાં પયાર્વરણપ્રત્યે જાગૃતતા આવતા તેવો પી ઓ પીની જગ્યાએ માટીમાંથી તૈયાર કરવામાં આવેલી મૂર્તિ ઓ ખરીદવાનું વધુ પસંદ કરી રહ્યા છે, જેથી અગાઉ થી એડવાન્સ બુકિંગ કરાવતા હોવાથી તેમજ માટીમાંથી બનતી મૂર્તિ બનાવવામાં એક અઠવાડિયાનો સમય લાગતો હોવાથી ૬ માસ અગાઉથી જ ગણેશની મૂર્તિઓ બનાવવાનું શરૂ કરવું પડે છે. અત્યાર સુધીમાં ૨૦૦ જેટલી માટીની નાની મોટી મૂર્તિઓનો એડવાન્સ બુકિંગ નોંધાયું છે. હાલમાં પણ બુકિંગ ચાલુ છે. માટી ની મૂર્તિ રૂ ૧૦૦ થી ૫ હજારમાં વેચાય છે.શહેરમાં ઓતિયા પરિવારના નવીનભાઈ ઓતિયા તેમના બે પુત્રો સાગર અને ચિરાગ તેમજ નરેશભાઈ ઓતિયા ભવ્ય ઓતિયા, પેમેન્દ્રભાઈ ઓતિયા, ચંપકલાલ ઓતિયા વર્ષોથી મૂર્તિયો બનાવે છે.મૂર્તિ કાર નવીન ઓતિયા ના જણાવ્યા અનુસાર સૌ પ્રથમ અમે પાટણ પાસે આવેલા તળાવ માંથી ચીકણી માટી લાવીએ છીએ તેને થોડાક દિવસ પાણી માં પલાળવામાં આવે છે પછી તેને ચારણી વડે ચાળી લઈ માટીને ખૂંદી તૈયાર કરવામાં આવે છે પછી તે માટી માંથી ગણેશજીની માટી ની મૂર્તિ ઓ બનાવવા માં આવે છે.ગણેશચતુર્થીને લઈ કારીગરો ગણપતિની વિવિધ પ્રકારની મૂર્તિઓ બનાવી રહ્યાં છે. જેમાં બાહુબલી અવતાર, ગણપતિ સિહાસન, શંખ, ડમરુ, શેષનાગ પર બિરાજમાન હોય તેવી વિવિધ મૂર્તિઓ બનાવવામાં આવી છે.હાલ માં કલર કરી આખરી ઓપ અપાઈ રહ્યો હોવનું જણાવ્યું હતું. ભવ્ય નરેશ ઓતિયાએ જણાવ્યું હતું કે, છેલ્લા ૬ મહિનાથી માટી માંથી ગણેશજીની મૂર્તિઓ બનાવીએ છીએ હાલ મોડી રાત સુધી રંગરોગાન કરી રહ્યા છીએ. તેમજ હાલમાં ૧૫૦ થી વધુ નાની મોટી માટીની મૂર્તિનું બુકિંગ થયું છે. જોકે, આગામી સમયમાં બુકિંગ વધશે તેમ જણાવ્યું હતું.

# કલોલ તાલુકા પોલીસ સ્ટેશને દહેજ માગણી કરી શારીરિક માનસિક ત્રાસ આપતા સાસરિયા વિરૂદ્ધ ફરિયાદ




કલોલ લક્ષ્મીનગર સોસાયટી પંચવટી વિસ્તારમાં રહેતા જયશ્રીબેન પરમારએ દાણી લીમડા અમદાવાદ ખાતે રહેતા પતિ યોગેશ કનુભાઈ પરમાર તેમજ સાસુ રમીલાબેન કનુભાઈ પરમાર તેમજ દિયર વિરૂદ્ધ દહેજની માગણી કરી શારીરિક માનસિક ત્રાસ આપતા હોવાની ફરિયાદ કલોલ તાલુકા પોલીસ સ્ટેશને નોંધાવી છે. પોલીસે ફરિયાદી સાસરિયાઓ વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.આ બનાવની હકીકત એવી છે કે કલોલ લક્ષ્મીનગર સોસાયટી પંચવટી વિસ્તારમાં રહેતા જયશ્રીબેન પરમારના લગ્ન ૧૨ વર્ષ પહેલા દાણીલીમડા અમદાવાદ થાતે રહેતા યોગેશ કનુભાઈ પરમાર સાથે સમાજના રીત રીવાજ મુજબ થયા હતા. તેમના લગ્ન જીવનથી એક પુત્ર જન્મ થયો છે.ફરિયાદીના પતિ યોગેશભાઇ કનુભાઈ પરમાર દારૂ પીવાની આદતવાળા હોવાથી આવર નવાર દારૂ પી આવી ફરિયાદી પાસે અમદાવાદમાં ડ્રોમાં લાગેલા મકાન રૂપિયા ભરવા માટે વારંવાર ઝઘડા કરી શારીરિક માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. આ બાબતે ફરિયાદી તેમનાં સાસુ રમીલાબેન તેમજ દિયર સંજયભાઈને તેમના પતિ યોગેશભાઈને સમજવા માટે કહેતા તેઓ તેમનું ઉપરાણું લેતા હતા. ફરિયાદી વિરૂદ્ધ તેમના પતિને ચઢાવતા હતા. રોજ પિયરમાંથી રૂપિયા લાવવા બાબતે ફરી રોજ ઝઘડા કરી મારઝુડ કરતા આથી ફરિયાદી જયશ્રીબેન આ મકાન માટે તેના પિતા પાસેથી ૪,૫૦,૦૦૦ રૂપીયા લાવી આપેલા અને ભરેલા. આ પછી પણ રોજ દારૂ પીવા માટે રૂપિયાની માગણી કરી શારીરિક માનસિક ત્રાસ આપતા હતા. વધુ રૂપિયા પિયરમાંથી લાવવા સાસરિયાઓ દબાણ કરતાં હતાં આમ આરોપી યોગેશ દારૂ પી આવી રોજ ફરિયાદીને પિયરીયા વિરૂદ્ધ અપશબ્દો બોલી મારઝુડ કરી શારીરિક માનસિક ત્રાસ આપતો અને વધુ નાણાં પિયરમાં લાવા માટે માગ કરતો હતો.આ તમામ સાસરિયાઓ ભેગા મળી ફરિયાદીને શારીરિક માનસિક ત્રાસ આપી મરઝુડ કરી દહેજની માગણી કરતાં હોવાની ફરિયાદ જયશ્રીબેન યોગેશભાઈ પરમારે સાસરિયાઓ વિરુદ્ધ કલોલ તાલુકા પોલીસ સ્ટેશને નોંધાવી છે.

# પેથાપુર ચોકડી ઉપર હોમગાર્ડ જવાનો આરામ ફરમાવતા ટ્રાફિક જામથી વાહનચાલકો પરેશાન

ગાંધીનગર શહેરના પેથાપુર ચોકડી ઉપર ટ્રાફિકની સમસ્યાની વાહન ચાલકો પરેશાન થઇ ગયા છે. જોકે, ચોકડી ઉપર બ્રિજ બનાવવામાં આવનાર છે. ત્યારે ખાસ કરીને રવિવારના દિવસે સવારના સમયે ચોકડી ઉપર ભયંકર ટ્રાફિકની સમસ્યા જોવા મળે છે. હોમગાર્ડને ફરજ સોપવામાં આવી છે, પરંતુ ખુરશીમાં બેસી રહેવાના કારણે ટ્રાફિકનુ સંતુલન ખોરવાઇ જાય છે, આ સ્થિતિમાં હોમગાર્ડને ખુરશીની જગ્યાએ રોડ ઉપર ઉભા કરવા માટે અધિકારીઓને રાઉન્ડ મારવો જોઈએ. ગાંધીનગર શહેરમાં ટ્રાફિકની સમસ્યાનુ સમાધાન લાવવા માટે જિલ્લા પોલીસવડા ખુદ રોડ ઉપર ઉતરી આવે છે. જાતે વિસ્તારનુ નિરીક્ષણ કરી શક્ય તમામ પગલા ભરવામાં આવે છે. પરંતુ નીચેનો સ્ટાફ પોતાની મસ્તીમાં જ હોવાથી કામગીરી પુરી થતી નથી. આજે રવિવારે સવારના સમયે પેથાપુર ચોકડી મહારાણા પ્રતાપ સર્કલ ઉપર ટ્રાફિકની સમસ્યા વકરી ગઇ હતી. હોમગાર્ડના જવાનો ખુરશીમાં બેસીને ગપાટા મારી રહ્યા હતા અને વાહન ચાલકો પરિસ્થિતિનો સામનો કરી રહ્યા હતા. પેથાપુર વેપારી એસોસિએશનના ઉપપ્રમુખ અને શહેર ભાજપ વોર્ડના પ્રમુખ જયદીપસિંહ વાઘેલાએ કહ્યુ હતુ કે, પેથાપુર ચોકડી ઉપર રવિવારે સવારના સમયે ભારે ટ્રાફિક થાય છે. શહેરમાં વસતા લોકો વતનમાં આવતા હોવાથી, તે ઉપરાંત મહુડી જતા હોવાના કારણે સવારે વાહનોની અવરજવર વધી જાય છે. આ સ્થિતિમાં ટ્રાફિકનુ સુચારુ સંચાલન કરવા માટે હોમગાર્ડને ફરજ સોપવામાં આવી છે. પરંતુ તમામ હોમગાર્ડ આસપાસની દુકાનમાંથી ખુરશીઓ ખેંચીને છાયડો શોધી બેસી રહે છે. પરિણામે વાહન ચાલકોને સમસ્યાનો સામનો કરવો પડે છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.